# નવસારી વિજલપોર નગરપાલિકા

## ભરતી જાહેરાત

નવસારી વિજલપોર નગરપાલિકાના મંજુર થયેલ મહેકમ પૈકી સફાઇ કામદારોની ખાલી પડેલ ૯૪ જગ્યાઓ ભરવા કામે પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ સુરત ઝોનના હુકમ નંબર પ્રાકન/મકમ-૧/નવસારી/સફાઇ કામદાર/વશી/૨૦૨૩ તા. ૨૪-૦૮-૨૦૨૪ થી મંજુરી મળેલ છે. જે અન્વયે સફાઇ કામદારની ૯૪ જગ્યાઓ માટે જગ્યાઓ ભરવા માટે અરજી મંગાવવામા આવે છે. અરજી પત્રક તથા જગ્યાની વિગતો અને શરતો નગરપાલિકા મહેકમ શાખા / ઈ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) અને નવસારી વિજલપોર નગરપાલિકાની વેબસાઈટ (https://www.navsarivijalporemunicipality.in ) પરથી ઉપલબ્ધ થશે અને અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. નિયત નમૂનાનું અરજી ફોર્મ જરૂરી વિગતો અને દસ્તાવેજી પુરાવાઓ સાથે RPAD / સ્પીડ પોસ્ટથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી દીન-30 માં અરજી ચીફ ઓફિસરશ્રી, નવસારી વિજલપોર નગરપાલિકા, સરદાર પટેલ ભવન, દુધિયા તળાવ, નવસારી જી. નવસારી – ૩૯૬ ૪૪૫ ને મળે તે રીતે મોકલવાની રહેશે. સદરહું ભરતી નવસારી વિજલપોર નગરપાલિકાના મંજુર થયેલ ભરતી બઢતીનાં નિયમોને આધીન રહેશે. તથા ઉક્ત વિગતે અબાધિત અધિકાર નવસારી વિજલપોર નગરપાલિકાનો રહેશે.

તા. 13/09/2024

| | |
|---|---|
| જે. યુ. વસાવા | મિનલ એ. દેસાઇ |
| સભ્ય સચિવ પસંદગી સમિતી અને | અધ્યક્ષ પસંદગી સમિતી અને |
| ચીફ ઓફિસર | પ્રમુખ |
| નવસારી વિજલપોર નગરપાલિકા | નવસારી વિજલપોર નગરપાલિકા |

હુકમ

ઉપરોક્ત મુસદ્દા મુજબની જાહેરાત દિન – ૧ માટે પ્રસિધ્ધ કરવા આથી હુકમ કરવામા આવે છે.


| | |
|---|---|
| જે. યુ. વસાવા | મિનલ એ. દેસાઇ |
| સભ્ય સચિવ પસંદગી સમિતી અને | અધ્યક્ષ પસંદગી સમિતી અને |
| ચીફ ઓફિસર | પ્રમુખ |
| નવસારી વિજલપોર નગરપાલિકા | નવસારી વિજલપોર નગરપાલિકા |

# નવસારી-વિજલપોર નગરપાલિકા

## જાહેરાત

મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરી, સુરત ઝોનના હુકમ ક્રમાંક પ્રાકન/મકમ-૧/નવસારી/સફાઇ કામદાર/વશી.૬૧૭૯ થી ૬૧૮૦/૨૦૨૩ તા.૨૪/૦૮/૨૦૨૩ થી નવસારી-વિજલપોર નગરપાલિકાની સફાઇ કામદારની મંજૂર મહેકમ પૈકીની ખાલી જગ્યાઓ ભરવા મંજૂરી મળેલ છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં એટલે તા.  /  /૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં નગરપાલિકાને મળે તે મુજબ અરજી કરવાની રહેશે. જે અન્વયે નીચે જણાવેલ જગ્યાઓ નવસારી-વિજલપોર નગરપાલિકાના મંજૂર થયેલ નિયમોને આધીન પાંચ (૫) વર્ષના સમયગાળા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નીતિનિયમ અનુસાર ફિક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક કરવાની થતી હોય, અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિભાગનું નામ | ભરવાપાત્ર જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જાતિ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ | સરકારના પ્રવર્તમાન નીતિ મુજબ ફિક્સ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બિન અનામત (સામાન્ય) | શા.શૈ.પ. | અ.જા. | અ.જ.જા. | આ.ન.વ. | | |
| ૧ | આરોગ્ય શાખા | સફાઇ કામદાર | લખતા વાંચતાં આવડે તે જરૂરી | --- | ૨૨ | ૩૮ | ૯ | ૨૧ | ૪ | ૯૪ | રૂ.૨૧,૧૦૦/- |
| | | | | જે પૈકી મહિલા | ૭ | ૧૨ | ૩ | ૭ | ૧ | ૩૦ | |
| | | | | જે પૈકી વિકલાંગ | --- | --- | --- | --- | --- | ૭ | |
| | | | | જે પૈકી માજી સૈનિક | --- | --- | --- | --- | --- | ૯ | |

**શરતો:-**

(૧) નવસારી-વિજલપોર નગરપાલિકાની મંજૂર મહેકમ પૈકી ઉપરોક્ત જણાવેલ ખાલી જગ્યાઓ ભરવાની ભરતી પ્રક્રિયા મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરી, સુરત ઝોનના તા.૨૪/૦૮/૨૦૨૩ ના હુકમમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

(૨) નગરપાલિકા અધિનિયમ -૧૯૬૩ ની કલમ-૨૭૧(ડી) અન્વયે ભરતીના નિયમો અનુસાર ભરતી પ્રક્રિયા થશે.

(3) બિનઅનામતના ઉમેદવારો માટે વય મર્યાદા ૧૮ થી ૩૩ વર્ષની રહેશે અને અનામત કેટેગરીના ઉમેદવારોને નિયમોનુસાર છૂટછાટ આપવામાં આવશે. નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને દાવેદારી માટે ઉંમરનો બાંધ નડશે નહી. વયમર્યાદા તા.૩૦/૦૬/૨૦૨૪ ની સ્થિતીએ ગણવાની રહેશે .

(૪) અધૂરી કે સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં અને આ અંગે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

(૫) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાને સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઇ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહીં.

(૬) અરજીનો નમૂનો નવસારી-વિજલપોર નગરપાલિકાના કચેરી અધીક્ષક પાસે તથા જન-સુવિધા કેન્દ્રમાંથી લેવાના રહેશે.

Scanned with OKEN Scanner

(૭) અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો નંગ-૧, શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, શૈક્ષણિક લાયકાતનો સ્વપ્રમાણિત નકલ સામેલ કરવાનો રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીઓનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૮) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ માન્ય નોન ક્રીમીલીયર સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે.

(૯) ઉપરોક્ત જગ્યા માટે અરજી સાથે બિન અનામત ઉમેદવારે ફી પેટે રૂ.૩૦૦/- નો ડિમાન્ડ ડ્રાફટ, ચીફ ઓફિસરશ્રી, નવસારી-વિજલપોર નગરપાલિકા, નવસારી ના નામથી મોકલવાનો રહેશે. અનામત વર્ગના ઉમેદવારે કોઇપણ ફી ભરવાની રહેશે નહીં.

(૧૦) સરકારશ્રીના પરિપત્ર અનુસાર કર્મચારીઓની પ્રથમ ૫ (૫) વર્ષ માટે રૂ.૨૧,૧૦૦/- ફિક્સ પગારથી કરવામાં આવશે. તથા સરકારશ્રી તરફથી વખતો વખત જે સુધારા જાહેર થશે તે લાગુ પડશે. ત્યારબાદ સરકારશ્રીના નિયમોનુસાર તથા નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ પગાર ભથ્થા મળવાપાત્ર રહેશે.

(૧૧) કૂલ જગ્યાઓ પૈકી ૨ જગ્યા સામાન્ય વહીવટ વિભાગ વિભાગના ઠરાવ ક્રમાંક નં.સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ તા.૦૩/૦૮/૨૦૧૧ મુજબ વિકલાંગ ઉમેદવારને અનુકૂળ વિકલાંગતા મુજબ સફાઈ કામદાર તરીકે ભરતી કરવામાં આવશે.

(૧૨) વિકલાંગ ઉમેદવારે વિકલાંગતા અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

(૧૩) જે તે વર્ગની મહિલા ઉપલબ્ધ ન થાય તો જે તે વર્ગના પુરૂષોથી ભરતી કરવામાં આવશે.

(૧૪) ભરતી માટે ખાલી જગ્યા ભરવા અંગેના વખતો વખતના ન્યાયિક ચુકાદાઓને આધીન રહેશે.

**ચીફ ઓફિસર**
**નવસારી-વિજલપોર નગરપાલિકા**

| | | |
|---|---|---|
| **ચેરમેન**<br>**મહેકમ સમિતિ** | **ચેરમેન**<br>**કારોબારી સમિતિ** | **પ્રમુખ**<br>**નવસારી-વિજલપોર નગરપાલિકા** |

Scanned with OKEN Scanner

અરજીફોર્મ વિનામૂલ્યે

# નવસારી-વિજલપોર નગરપાલિકા, નવસારી.

સફાઈ કામદારની ભરતી અન્વયેનું અરજી ફોર્મ

| તાજેતરનો રંગીન<br>પાસપોર્ટ<br>સાઈઝનો ફોટો |
|---|

પ્રતિ,
સભ્ય સચિવશ્રી,
પસંદગી સમિતિ અને
ચીફ ઓફીસરશ્રી
નવસારી-વિજલપોર નગરપાલિકા.

વિષય:- સફાઈ કામદારની જગ્યા પર નિમણૂંક આપવા અંગેની ઉમેદવાર તરીકેની અરજી

૧) ઉમેદવારનું નામ :-..........................................................................................................................

૨) હાલનું સરનામુ :-............................................................................................................................

૩) કાયમી સરનામુ :-...........................................................................................................................

૪) જન્મ તારીખ :-........................................... ઉમર/વર્ષ......................................

મોબાઈલ નં. :-............................................... ઈમેલ આઈડી. (જો હોય તો)...................................

૫) જાતિ :-...........................જ્ઞાતિ/પેટા જ્ઞાતિ...................................કેટેગરી...................................

૬) કઈ કેટેટરીમાં અરજી કરવા ઇચ્છુક છે? ( ટીક કરવું)✓

(☐બિનઅનામત ☐આર્થિક રીતે નબળા વર્ગ ☐સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ ☐અનુસુચિત જનજાતિ ☐અનુસુચિત જાતિ ☐શા.ખો.ખા)

** જો અનામતમાં ઉમેદવારી કરવાની હોય તો ચીફ ઓફિસરશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

** રોજમદાર કર્મચારીઓ માટે સક્ષમ અધિકારીનો દાખલો રજૂ કરવાનો રહેશે.

** જન્મનો પુરાવો, આધાર કાર્ડની નકલ રજૂ કરવાની રહેશે.

૭) મારી શૈક્ષણિક લાયકાત:-

| શૈક્ષણિક લાયકાત | પરીક્ષા પાસ કર્યાનુ વર્ષ | સ્કુલ/બોર્ડનું નામ | ટકાવારી | પાસ/નપાસ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

(૭) બિનઅનામત ઉમેદવાર માટે રૂા.૩૦૦/-નો ડિમાન્ડ ડ્રાફટ નં.......................... તા........................

# બાહેંધરી

આથી હું.......................................................................... ગામ................................તાલુકો...............................
જી............................ ખાતરી આપુ છુ કે ઉપર જણાવેલ તમામ હકિકતો મારી ઉત્તમ જાણ મુજબ સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી જો ખોટી જણાશે તો મારી ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

**ઉમેદવારની સહી**